નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં 'કન્વિક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ' માટેની 'ચાલુ સેવા'ને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/૯૪૦/ઠ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૦/૦૬/૨૦૨૦

વંચાણે લીધા :(૧)ગૃહ વિભાગનો (પ્રોજેક્ટ) ઠરાવ ક્રમાંક:MIS/102019/286-1/T તા:૧૬/૧૨/૨૦૧૯

(૨)ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૨૮૬-૨/ઠ, તા:૧૬/૧૨/૨૦૧૯

**પ્રસ્તાવના:**

આ વિભાગના આમુખ ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવમાં જણાવેલ શરતોને આધીન નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં 'નવી સેવા' તરીકે 'કન્વિક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ' સારૂ રૂ.૨૫.૩૮ કરોડ /-(અંકે રૂપિયા પચ્ચીસ કરોડ અડત્રીસ લાખ પૂરા)ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સાથોસાથ આમુખ ક્રમાંક (૧)માં દર્શાવેલ તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી 'કન્વિક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ'નો પ્રોજેક્ટ ઠરાવ પણ કરવામાં આવેલ છે.

કન્વિક્શન રેટમાં ૩૦% જેટલો સુધારો કરવાના હેતુથી ચાર વર્ષના કન્વિક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ માટે કુલ રૂ.૯૭.૩૪ કરોડ /-(અંકે રૂપિયા સત્તાણુ કરોડ ચોત્રીસ લાખ પૂરા)ના થનાર ખર્ચ પૈકી આ વિભાગના આમુખ ક્રમાંક (૧)માં દર્શાવેલ તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવની વિગતે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થનાર ખર્ચને 'ચાલુ સેવા' તરીકે મહેસુલ સદરે કુલ રૂ.૨૨૯૩.૯૩ લાખ /-(અંકે રૂપિયા બાવીસ કરોડ ત્રાણું લાખ ત્રાણું હજાર પૂરા)ની દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત 'ચાલુ સેવા' હેઠળ 'કન્વિક્શન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ' અંતર્ગત વિવિધ ઘટકો માટે (કોમ્પોનન્ટ વાઇઝ બ્રેક અપ નીચે દર્શાવેલ છે.)થનાર ખર્ચ સારૂ રૂ. કુલ રૂ.૨૨૯૩.૯૩ લાખ /-(અંકે રૂપિયા બાવીસ કરોડ ત્રાણું લાખ ત્રાણું હજાર પૂરા)ની જોગવાઈને આમુખ:-ક્રમાંક (૧) તથા (૨)માં દર્શાવેલ ઠરાવમાંની શરતો તથા નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| Sr. No. | Component | Estimated Expenditure (Rs.) |
|---|---|---|
| 1. | Improving quality of FIR and setting call centre. | 2,30,30,700 |
| 2. | Improved investigation of registered cases | 8,86,22,500 |
| 3. | Facilitation for timely disposal of court cases. | 2,44,65,000 |
| 4. | Strengthining of FSL | 7,97,08,266 |
| 5. | FSL – Equipment cost | |
| 6. | Setting up modern investigation room | 90,00,000 |
| 7. | Project management | 45,67,200 |
| | Total | 22,93,93,666 |

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય મંજૂર થયેલ જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યતાના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો અને તે હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં આ હેતુસર મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | : ૪૩ |
| (૨) મુખ્ય સદર | : ૨૦૫૫ – પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | : ૦૦ |
| (૪) ગૌણ સદર | : ૧૦૯ જિલ્લા પોલીસ, |
| (૫) પેટા સદર | : (૦૧)-MEP- 6 જિલ્લા પોલીસ ખુદ |
| (૬) ખર્ચનો પ્રકાર | : મહેસૂલ/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | : ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૧ |

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૮/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત પટેલ)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

**પ્રતિ,**

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશકશ્રી – સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજય, ગાંધીનગર
પોલીસ મહાનિદેશકશ્રી (પી એન્ડ એમ.), ગુજરાત રાજય,ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજય, ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તાલીમ), ગુજરાત રાજય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર.
નાણાકિય સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિભાગના સર્વે ના.સ.શ્રી. તથા ઉ.સ.શ્રી.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.),ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.

ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ.
સેક્શન અધિકારીશ્રી, ક-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, અ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા પસંદગી ફાઈલ/સેકશન અધિકારી પસંદગી ફાઈલ/નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.